# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-07-2025 Day: Tuesday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## PM-બ્રિક્સ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, કોઈ પણ દેશે પોતાના સ્વાર્થ માટે મહત્વના ખનીજ, ટેક્નોલૉજી અને પૂરવઠા શ્રેણીનો ઉપયોગ હથિયાર તરીકે ઉપયોગ ન કરવો જોઈએ.

બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં બ્રિક્સ શિખર સંમેલનમાં સંવાદ સત્રમાં શ્રી મોદીએ કહ્યું, મહત્વના ખનીજો અને ટેક્નોલૉજી ક્ષેત્રે વધારે સહકારની સાથે પૂરવઠા શ્રેણીઓને સલામત અને સ્થિતિસ્થાપક બનાવવા પર ધ્યાન આપવાની જરૂર છે. 21મી સદીમાં લોકોના વિકાસ અને કલ્યાણ માત્ર હદ સુધી ટેક્નોલૉજી, ખાસ કરીને કૃત્રિમ બુદ્ધિમત્તા- A.I. પર નિર્ભર છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તારીખ 2 જુલાઈથી 10 જુલાઈ સુધી પાંચ દેશોના પ્રવાસ પર છે, ત્યારે આજે બ્રાઝિલ મુલાકાતનો છેલ્લો દિવસ છે. અહીંથી તેઓ નામીબિયા જવા રવાના થશે.

----------------------------------------------------------------------------------------------------

## વસ્તીગણતરી વેબ પોર્ટલ:

દેશમાં આગામી વસતિ ગણતરી દરમિયાન સ્વ-ગણતરી માટે એક સમર્પિત વેબ પોર્ટલ ઉપલબ્ધ રહેશે. આ પોર્ટલ વસ્તી ગણતરી-2027ના બંને તબક્કા માટે ઉપલબ્ધ રહેશે. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતિ ગણતરી કમિશનરે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે આ દેશની પ્રથમ ડિજિટલ વસતિ ગણતરી હશે. અંગ્રેજી, હિન્દી અને પ્રાદેશિક ભાષાઓમાં

મોબાઇલ એપ્લિકેશન્સનો ઉપયોગ કરીને ડેટા એકત્રિત કરાશે. ગણતરીકારો અને નિરીક્ષકો માહિતી સંગ્રહ માટે તેમના મોબાઇલનો ઉપયોગ કરશે.

------------------------------------------------------------------------------------------------

## CM-બેઠક:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યમાં માર્ગ-પુલ-ધોરીમાર્ગોની સ્થિતિની સમીક્ષા કરી. આ બેઠકમાં શ્રી પટેલે વરસાદ વિનાનો કે ઓછો વરસાદ હોય તેવો દિવસે પણ કામગીરી ચાલુ રહે તે માટે તાકીદ કરી હતી.

બેઠક દરમિયાન મુખ્યમંત્રી સમક્ષ ધોરીમાર્ગની સ્થિતિ અંગે રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળના અધિકારીઓએ કહ્યું કે, આ વર્ષે ચોમાસા દરમિયાન રાષ્ટ્રીય ધોરીમાર્ગને જે 83 કિલોમીટરમાં નુકસાન થયું છે તેમાંથી 58 કિલોમીટરમાં સમારકામ પૂર્ણ થયું છે અને બાકીના 25 કિલોમીટરનું કામ ત્વરાએ પૂર્ણ કરી દેવાશે.

------------------------------------------------------------------------------------------------

## વરસાદ-રાજ્ય-જિલ્લો-:

રાજ્યના 115 તાલુકામાં હળવો વરસાદ નોંધાયો છે. આ સાથે રાજ્યમાં સિઝનનો 46 ટકાથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે, રાજ્યમાં 33 જળાશય હાઇએલર્ટ પર અને 19 જળાશય એલર્ટ પર છે.

ભારે વરસાદને પગલે દ્વારકાની વાડીનાર જેટી પર સમુદ્રમાં ઊંટ તણાઈ જતાં અંદાજે 5 જેટલા ઊંટના મોત થયાના અહેવાલ છે. જ્યારે અન્ય ઊંટનું રેસ્ક્યુ હાથ ધરાયું છે.

જીલ્લા કંન્ટ્રોલ રૂમ પરથી મળેલ માહિતી મુજબ આજે સવારે 6 વાગ્યા સુધીમાં કચ્છમાં કુલ 273 મિલિમીટર વરસાદ નોંધાયો છે. જેમાં તાલુકાવાર વરસાદના આંકડા આ મુજબ છે. અંજાર 37, અબડાસા 15, ગાંધીધામ 58, નખત્રાણા 24, ભચાઉ 48, ભુજ 8 , મુંદરા 13, માંડવી 57, લખપત 13 મિલિમીટર વરસાદ નોંધાયો છે. તો ગતરાત્રે મોટા ભાગના તાલુકાઓમાં કચ્છમાં વરસાદે વિરામ લીધાના અહેવાલ છે.

ગઈકાલે સતત વરસેલા વરસાદના કારણે ભુજવાસીઓ શહેરના હૃદય સમાન હમીરસર તળાવને ઓગનવાની રાહ જોઈ રહ્યા છે. રઘુનાથજીના ઓરા પાસે હાથીના પગ સુધી જળ સપાટી પહોંચવાને હવે માંડ 4 ફૂટની ઊંચાઈ બાકી હોવાના અહેવાલ છે. જો આ વર્ષે પણઓગની જશે તો છેલ્લા 72 વર્ષમાં સળંગ ચોથી વખત હમીસર ઓગનવાની પ્રથમ ઘટના બનશે.

---

## હવામાન:

આગામી 7 દિવસ રાજ્યભરમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં આગામી બે દિવસ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની આગાહી છે.

દરમિયાન 30 થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. ત્યારે હવામાન વિભાગે માછીમારોને આગામી પાંચ દિવસ સુધી દરિયો ન ખેડવાની સૂચના આપી છે.

---

## ચાંદીપુરા:

રાજ્યના આરોગ્ય વિભાગે મધ્ય ગુજરાતના પંચમહાલ અને દાહોદ જિલ્લામાં આઠ બાળકોના મોતમાંથી ચાંદીપુરા વાયરસથી એકના મોતની પુષ્ટિ કરી છે. આ અગાઉ પુણેમાં સાત ગંભીર વાયરસ માટે નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આરોગ્ય વિભાગના અધિક નિયામક ડૉ. નીલમ પટેલે જણાવ્યું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં દેખરેખ અને તબીબી સહાયની કામગીરી ચાલી રહી છે.

---

## ગાંધીધામ શોર્ટસર્કીટ:

ગાંધીધામના સુંદરપુરી વિસ્તારમાં ગઈકાલે શોર્ટ સર્કિટને કારણે એક ક્લિનિક, લેબોરેટરી અને એક દુકાનમાં આગ લાગી હતી. જેમાં  પ્લાસ્ટિકની વસ્તુઓ સળગી જતાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જોકે  ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને  બે કલાકમાં  કાબૂ મેળવ્યો હતો.વરસાદી વાતાવરણ વચ્ચે આગની ઘટનાથી અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. દુકાનોમાં રાખેલી માલસામગ્રી બળીને ખાક થઈ જતાં મોટું આર્થિક નુકસાન થયાના અહેવાલ

---